**સામાન્ય વિસ્તાર તથા આદિજાતિ વિસ્તાર વિભાગ-૨ "ચાલુ બાબત" સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી માટેની સહાયની યોજનાને સને ૨૦૨૧-૨૨ ના નાણાકીય વર્ષ માટે ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
**ઠરાવ ક્રમાંક:-સીએસકે/૧૦૨૦૨૦/૧૩૧૬/ખ**
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ: ૧૭/૦૫/૨૦૨૧**

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૧૨૦૦૨/૨૮૪૮/ખ(૫૧), તા.૨૨/૫/૨૦૦૩
(૨) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૪/૨૦૨૩/ખ, તા.૧૩/૫/૨૦૧૫
(૩) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૫/૧૮૭૦/ખ, તા.૧૩/૪/૨૦૧૬
(૪) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૦/ખ, તા.૦૭/૪/૨૦૧૭
(૫) કૃષિ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૧/ખ, તા.૦૭/૪/૨૦૧૭
(૬) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૭/૧૪૯૦/ખ, તા.૧૨/૪/૨૦૧૮
(૭) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૮/૧૩૦૧/ખ, તા.૧૨/૪/૨૦૧૯
(૮) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૯/૧૩૮૫/ખ, તા.૦૧/૦૬/૨૦૨૦
(૯) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૯/૧૩૮૫/ખ, તા.૧૮/૦૬/૨૦૨૦
(૧૦) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૬/૦૪/૨૦૨૧ ના પત્ર ક્રમાંક : અજન/૦૧/જ/૩૫૩/૨૦૨૧

**આમુખ :-**

રાજ્યના સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી ફાળા તરીકે નાણાકીય સહાય આપવાની રાજ્ય સરકારની યોજનાને વંચાણે લીધા ક્રમાંક : (૧) સામે દર્શાવેલ વિભાગના તા.૨૨/૫/૨૦૦૩ ના ઠરાવથી સને ૨૦૦૩-૨૦૦૪ના નાણાકીય વર્ષ માટે ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ ત્યારબાદ સદરહુ યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં સામાન્ય વિસ્તારના સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી ફાળો આપવાની કોઈ દરખાસ્ત રજૂ થયેલ/મળેલ ન હોવાથી અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ નથી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક : (૨),(૩),(૪),(૫),(૬) તથા (૭) સામે દર્શાવેલ વિભાગના તા.૧૩/૫/૨૦૧૫, તા.૧૩/૪/૨૦૧૬, તા.૦૭/૦૪/૨૦૧૭, તા.૧૨/૪/૨૦૧૮, તા.૧૨/૦૪/૨૦૧૯ ના ઠરાવોથી સદરહુ યોજનાને અનુક્રમે સને ૨૦૧૫-૨૦૧૬ ના નાણાકીય વર્ષ માટે "નવી બાબત" તરીકે તથા સને ૨૦૧૬-૨૦૧૭, સને ૨૦૧૭-૧૮, સને ૨૦૧૮-૧૯ તથા સને ૨૦૧૯-૨૦ ના નાણાકીય વર્ષ માટે "ચાલુ બાબત" તરીકે ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી, તેમજ વંચાણે લીધા ક્રમાંક : (૮) તથા (૯) સામે દર્શાવેલ વિભાગના તા.૦૧/૬/૨૦૨૦ ના ઠરાવથી આદિજાતિ વિસ્તાર માટે તથા તા.૧૮/૦૬/૨૦૨૦ ના ઠરાવથી સદરહુ યોજનાને સામાન્ય વિસ્તાર માટે સને ૨૦૨૦-૨૧ ના નાણાકીય વર્ષ માટે "ચાલુ બાબત" તરીકે ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

સદરહુ યોજના માટે વંચાણે લીધા ક્રમાંક (૧૦) સામે દર્શાવેલ ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૬/૦૪/૨૦૨૧ ના પત્રથી સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં સામાન્ય

વિસ્તારની યોજના હેઠળ રૂા.૦૧.૦૦/- લાખની અંદાજપત્રીય જોગવાઈ તથા આદિજાતિ વિસ્તારની યોજના હેઠળ રૂા.૫૦.૦૦/- લાખની અંદાજપત્રીય જોગવાઈ સાથે આ યોજનાને "ચાલુ બાબત" તરીકે વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રી, પુખ્ત વિચારણાને અંતે રાજ્યના સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી ફાળો આપવા બાબતની આયોજન હેઠળની આ યોજનાને ચાલુ બાબત તરીકે રાજ્યના સને ૨૦૨૧-૨૦૨૨ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ સામાન્ય વિસ્તાર હેઠળ રૂા.૦૧.૦૦/- લાખ (અંકે રૂપિયા એક લાખ પુરા) ની જોગવાઈ તથા આદિજાતિ વિસ્તાર હેઠળ રૂા.૫૦.૦૦/- લાખ (અંકે રૂપિયા પચાસ લાખ પુરા) ની જોગવાઈને આથી, નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજુરી આપવા ઠરાવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે

(૨) સને ૨૦૨૦-૨૦૨૧ની બજેટ જોગવાઈને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુઓ માટે ખર્ચ કરી શકાશે નહીં.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા-ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:- એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે 'ઈ' ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય, તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ હંગામી જગ્યાઓ ચાલુ રાખવાની મંજૂરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૯) વર્ષના અંતે જો કોઈ બચત રહેવા પામે, તો તે પરત કરવાની રહેશે.

(૧૦) આ ૨૦૨૦-૨૦૨૧ અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણાં વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ રહેશે.

(૧૧) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૧૨) ઉક્ત વિવિધ યોજના પૈકી કોઈ યોજના માટે નોડલ એજન્સી નિમવાની થાય તો તે યોજના સિવાય

એજન્સીએ તમામ યોજનાઓ માટે અલાયદા બેન્ક ખાતાઓ ભારત સરકારની PSU બેન્કમાં ખોલવવાના રહેશે.

(૧૩) નોડલ એજન્સીએ નાણા વિભાગના તા.૩૧/૦૧/૨૦૧૯, તા.૦૫/૧૧/૨૦૧૮, તા.૨૯/૧૦/૨૦૧૬, તા.૦૧/૦૯/૨૦૧૪ ના વિવિધ પરીપત્રો તેમજ વખતોવખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ચુસ્તપણેપાલન કરવાનું રહેશે.

(૧૪) નોડલ એજન્સી નાણાકીય વર્ષના અંતે તેઓ હસ્તક બચત રહેતી રકમ વ્યાજ સહિત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પુર્વ મંજૂરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહી.

(૧૫) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

૨. આ અંગેનો ખર્ચ રાજ્યના સને ૨૦૨૧-૨૨ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળની જોગવાઈમાંથી મેળવી તે સદર હેઠળ ઉધારવાનો રહેશે.

**સામાન્ય વિસ્તાર:-**

**માંગણી ક્રમાંક: ૫**
**સેક્ટર : ગ-આર્થિક સેવાઓના મૂડી હિસાબ**
**પેટા સેક્ટર : (છ) ઉદ્યોગ અને ખનીજના મૂડી હિસાબ**
**મુખ્ય સદર: ૪૮૬૦ ગ્રાહક ઉદ્યોગ અંગે મૂડી ખર્ચ જોગવાઈ**
**પેટા મુખ્ય સદર : ૦૪ ખાંડ**
**ગૌણ સદર: ૧૯૫ – સહકારી સંસ્થાઓને સહાય**
**પેટા સદર: (૦૧) સી.ઓ.પી. ૧૬ ખાંડ સહકારી કારખાનાને શેર મુડીફાળો.**
**હેડ ચાર્જેબલ : ૪૮૬૦ ૦૪ ૧૯૫ ૦૧**
**છ ડીઝીટ પ્લાન કોડ નંબર : ૧૬૦૯૪૦**
**વિગતવાર સદર: ૦૦**
**હેતુ સદર :- ૫૪૦૦ મૂડી રોકાણ**

**આદિજાતિ વિસ્તાર:-**

**માંગણી નંબર : ૯૬**
**સેક્ટર : ગ આર્થિક સેવાઓના મૂડી હિસાબ**
**પેટા સેક્ટર : (છ) ઉદ્યોગ અને ખનિજના મૂડી હિસાબ.**
**મુખ્ય સદર : ૪૮૬૦ : વપરાશદાર ઉદ્યોગો અંગે મૂડી ખર્ચ જોગવાઈ**
**પેટા મુખ્ય સદર: ૦૪ ખાંડ**
**ગૌણ સદર : ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના**
**પેટા સદર:- ૦૧ સીઓપી-૧૬ ખાંડના સહકારી કારખાનાને શેરમૂડી ફાળો**
**હેડ ચાર્જેબલ: ૪૮૬૦ ૦૪ ૭૯૬ ૦૧**
**છ ડીઝીટ પ્લાન કોડ : ૧૨૦૯૧૭**
**વિગતવાર સદર :- ૦૦**
**હેતુ સદર : ૫૪૦૦ મૂડી રોકાણ**

૩.	આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૬/૦૪/૨૦૨૧ ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.આર.પારેખ)
**સેકશન અધિકારી**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**પ્રતિ,**

૧.	રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૨.	ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૩.	મહાલેખાકારશ્રી, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
૪.	જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, (સુગર) સુરત/જુનાગઢ
૫.	નાણાકીય સલાહકારશ્રી(કૃષિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬.	આદિજાતિ વિકાસ વિભાગ(બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૭.	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ(બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૮.	મેનેજીંગ ડીરેક્ટરશ્રી, આદિજાતિ વિકાસ નિગમ લિ., સેક્ટર-૨૦, ગાંધીનગર
૯.	નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.
૧૦.	શાખા સિલેકટ ફાઈલ